# શિક્ષકની નિવૃત્તિ એટલે એક ફિલોસોફીની નિવૃત્તિ

સરકારી નોકરી કરનાર દરેક કર્મચારી વય મર્યાદાને કારણે ચોક્કસ ઉંમરે નિવૃત્ત થતા હોય છે. આમ છતાં શિક્ષકની નિવૃત્તિનો દિવસ વિશિષ્ટ દિવસ બની રહેતો હોય છે. કારણ કે એક શિક્ષકની નિવૃત્તિ એટલે એક ફિલોસોફીની નિવૃત્તિ કહી શકાય. દરેક શિક્ષકનું વ્યક્તિત્ત્વ જેમ જુદું જુદું હોય છે તેમ દરેક શિક્ષકની માન્યતાઓ, આગ્રહો, સિદ્ધાંતોમાં પણ તફાવત જવા મળે છે. જેની અસર સામાન્યત: વિદ્યાર્થી પર નાનામોટા અંશે થતી જ હોય છે. માટે કહી શકાય કે એક શિક્ષકની નિવૃત્તિ એટલે એક ફિલોસોફીની નિવૃત્તિ. આ ઉપરાંત અન્ય રીતે વિચારતાં પણ શિક્ષકનિવૃત્તિનો દિવસ વિશિષ્ટ બની રહે છે. જેમાં શાળા-કોલેજમાં વિશિષ્ટ પ્રકારનું આયોજન કરવામાં આવે છે. આ આયોજન જ નિવૃત્તિના અન્ય કાર્યક્રમ કરતાં શિક્ષકની નિવૃત્તિને અલગ પાડે છે. આવા જ એક કાર્યક્રમમાં સરખેજ સાર્વજનિક હાઇસ્કૂલ, અમદાવાદમાં જવાનું થયું. એક બાબતની ખાસ નોંધ લીધી કે, સારા ટ્રસ્ટ દ્વારા ચાલતી શાળા-કોલેજો અન્ય સંસ્થાઓ કરતાં અલગ તરી આવે છે. આ સંસ્થાનું પારિવારિક વાતાવરણ, ભ્રષ્ટાચાર મુક્ત વાતાવરણ, સંસ્થાની પ્રવૃત્તિઓ તેમજ વિદ્યાર્થીઓને કરાતી આર્થિક સહાયે ખાસ ધ્યાન દોર્યું. આવી સંસ્થામાં જવાનું સૌને ગમે. નિવૃત્ત થતાં શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓ માટે દાન કર્યું. અમદાવાદની વિદ્યાનગર હાઇસ્કૂલ-ઉસ્માનપુરામાં ચાલતી સમાજસેવા સમિતિની પ્રવૃત્તિ પણ દરેક શાળાએ અપનાવવા લાયક છે. જેના દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવામાં આવે છે. પછી તે ગમે તે વિસ્તાર કે શહેરના કોઇપણ શાળાના વિદ્યાર્થી કેમ ન હોય. આ શાળામાંથી નિવૃત્ત થતી વખતે હિંમતભાઇ કપાસી સાહેબને મળેલ રૂપિયા એક લાખ તેમણે વિદ્યાર્થીઓને જ પરત આપીને દાન કરેલ. આવી સંસ્થાઓ જ્યાં સુધી જીવતી જાગતી છે ત્યાં સુધી ગરીબ વિદ્યાર્થીઓને આર્થિકભીસને કારણે અભ્યાસ બગાડવો નહીં પડે તેની ગેરંટી આપી શકાય. આવી સંસ્થાઓને કારણે જ શિક્ષણ ટકી રહ્યું છે અને નૈતિક મૂલ્યો વધી રહ્યાં છે. નિવૃત્તિ સમયે મળતી રકમમાં અન્ય કેટલીક રકમ ઉમેરીને સંસ્થાને પરત કરવી એ સાચી ખાનદાની છે. આવું શિક્ષકો જ કરી શકે અને આવી નિવૃત્તિ શિક્ષકના વ્યવસાયમાં જ જોવા મળે, બીજા વ્યવસાયમાં નહીં.

કોઇપણ કર્મચારીની નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ જે તે કર્મચારીની વૃત્તિ વ્યક્ત કરે છે. આ રીતે જોતાં નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ પણ એટલીજ અગત્યની બની રહે છે. નિવૃત્તિ પછી અપનાવેલ પ્રવૃત્તિના આધારે કહી શકાય કે, જે તે કર્મચારીએ ફરજ દરમિયાન કેટલી નિષ્ઠા અને શક્તિથી કામ કર્યું હશે. તે વ્યતિંએ ફરજ દરમિયાન કઇ બાબતોને પ્રાધાન્ય આપ્યું હતું. વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા શિક્ષકને સરકાર કે શાળા ભલે નિવૃત્ત કરતી હોય પણ સમાજ તેને છેલ્લા શ્વાસ સુધી નિવૃત્ત થવા નથી દેતો. કારણ કે નિવૃત્ત થયેલ શિક્ષકથી ભૂલથી પણ કોઇ અજુગતું કાર્ય થઇ જશે તો પણ સમાજ કહેશે કે, જોયું પેલો શિક્ષક હતો તો પણ આવું કર્યું! આમ સમાજ શિક્ષકને આજીવન શિક્ષક તરીકે જ સ્વીકારે છે અને શિક્ષક તરીકે જ જૂએ છે. એ રીતે જોતાં શિક્ષકનો જન્મ થાય પછી તે છેલ્લા શ્વાસ સુધી શિક્ષક જ બની રહે છે. જે અન્ય વ્યવસાયમાં જોવા મળતું નથી. નાના ગામડાંમાં તો વળી શિક્ષકના છેલ્લા શ્વાસ સુધી જે તે સમાજ

અપેક્ષા રાખે જ છે. માટે જ ગામડાંઓમાં શહેર કરતાં નૈતિકતા વધારે જોવા મળે છે. આમ નિવૃત્ત થતા શિક્ષક માટે એ કામ અઘરું બની જાય છે કે હવે શું કરવું? નિવૃત્તિ પછી પણ શિક્ષકને શોભે તેવી પ્રવૃત્તિ કરનાર જ ખરા અર્થમાં શિક્ષક તરીકે જીવ્યો હશે તેમ કહી શકાય.

સારી સંસ્થામાં કામ કરનાર શિક્ષકોમાં એક લક્ષણ સામાન્ય જોવાં મળ્યું. જે લક્ષણ છે- જે તે સંસ્થા માટેની નિષ્ઠા. સારી સંસ્થાથી સારા શિક્ષકો બને છે કે સારા શિક્ષકોથી સારી સંસ્થા બને છે? જે બંને બાતો સાચી છે. સારી સંસ્થામાં પાછળથી જોડાયેલ શિક્ષકો પણ મન મૂકીને કામ કરે છે. આવી સંસ્થામાં કામ કરનાર દરેક કર્મચારી પોતાના ઘર કરતાં શાળાને વધુ મહત્ત્વ આપતા હોય છે. આમ જોતાં સારા સાચા શિક્ષકો પોતાનો મોટાભાગનો સમય અને મોટાભાગની શક્તિ શાળા માટે જ ખર્ચે છે. આ રીતે જોતાં આવા શિક્ષકોની નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ ઘર કે સમાજ માટેની હોવી જોઇએ. ફરજ દરમિયાન જો ઘરને અન્યાય કરીને શાળા-સમાજને મહત્ત્વ આપ્યું હોય તો નિવૃત્તિ પછીનો સમય ઘર માટે આપવો જોઇએ અને ફરજ દરમિયાન જો શાળા અને ઘરને મહત્ત્વ આપ્યું હોય તો નિવૃત્તિ પછી સમાજને સમય આપવો જોઇએ. આ માટે પોતાની શક્તિ અને રસ મુજબ પ્રવૃત્તિ પસંદ કરીને ઘર કે સમાજે કરેલ ઉપકારનો બદલો આપવો એ જ સાચા શિક્ષકની નિવૃત્તિ પછીની સાચી પ્રવૃત્તિ કહી શકાય. આમ શાળામાં ફરજ દરમિયાન જે ક્ષેત્રને અન્યાય કર્યો છે તે ક્ષેત્રને ન્યાય આપવો તે સાચા શિક્ષકની સાચી ફરજ ગણી શકાય. આમ શિક્ષકે છેલ્લા શ્વાસ સુધી સમાજ કે ઘરની એક્ષાને સંતોષવી જ પડશે. સાથે પોતાના સ્વાસ્થ્યને પણ સાચવવાનું છે.

વ્યક્તિ ઉંમરલાયક થાય એટલે નિવૃત્ત થતો હોય છે. ઘણીવાર એવું પણ જોવા મળે છે કે, વ્યક્તિ ઉંમરલાયક થયો હોય પણ લાયક થઇ ન શક્યો હોય! આવી વ્યક્તિની વય વધે તેમ તેનો લય ઘટતો હોય છે! આવા વ્યર્કિતઓ નિવૃત્તિ પહેલાં જ નિવૃત્ત થાય તે શિક્ષણ અને સમાજના હિતમાં છે. પણ આવું જવલ્લેજ જોવા મળે છે. આવી ગટના વારંવાર તાય તેવી અપેક્ષા સૌ કોઇ રાખી શકે. નિવૃત્તિ સમયે દરેક શિક્ષકે દિલ પર હાથ મૂકીને પોતાની જાતને એક પ્રશ્ન પૂછવો જોઇએ કે, શું હું કોઇ એક વિદ્યાર્થી માટે ઉદાહરણરૂપ બન્યો છું? જો જવાબ “હા” હોય તો શિક્ષક તરીકે તમે સફળ અને જવાબ “ના” હોય તો આ ભવમાં તો શિક્ષક તરીકે નિષ્ફળ પણ બીજા ભવમાં કદાચ માનવીનો અવતાર મળે તો શિક્ષક ન બનતા. કારણ કે તમે સરકારનો પગાર લઇને શાળામાં આવીને માત્ર માહિતી જ પીરસી ચે. જે કામ ટી.વી.ની ચેનલો, સમાચારપત્રો અને અન્ય પુસ્તકો પણ કરે જ છે. **જે શિક્ષક કોઇ એક વિદ્યાર્થી માટે પણ રોલમૉડલ નથી બની શક્યો તેનું શિક્ષક તરીકેનું જીવન ધૂળધાણી કહેવાય. શિક્ષકે માત્ર સવેતન નહીં સંવેદના સાથે કામ કરવાનું હોય છે.** શિક્ષક શાળામાં જ્યાં જાય ત્યાં આનંદ હોય તો તે સફળ શિક્ષક અને જ્યારે જાય ત્યારે આનંદ હોય તો તે નિષ્ફળ શિક્ષક.